# ડીસામાં યુરીયા ખાતરની અછત : ખેડૂતો ત્રણ દિવસથી ખાતર માટે લાંબી લાઈનોમાં જોડાતા રોષ

ડીસા, તા. ૯

ડીસા તાલુકામાં શિયાળુ સીજનમાં યુરીયા ખાતર મેળવવા ખેડૂત હડીયાપાતું કરી રહ્યા છે અહી ખાતરની અછત હોઈ ખાતર વિના



ખેડૂતોની હાલત દયનીય બની છે. કેમકે, અહી ખેતી માટે જરૂરી યુરીયા ખાતરની કુત્રિમ અછત ઉભી કરાઈ છે. જેથી ખાતર વેચતા વહેપારી પાછલા બારણેથી વધુ રકમ પડાવી ખાતર વેચતા અહીના ખેડૂતો રોષે ભરાયા છે, વહેલી સ્વરનાં ચાર વાગ્યાથી દુર દુરનાં ગામોમાંથી ખેડૂતો ખાતર વેચાણ કેન્દ્રો પર લાઈનો લગાવી ઉભા છે જેથી તેમનામાં રોષ જોવા મળ્યો છે.


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

બનાસકાંઠાના ડીસા તાલુકામાં ચાલુ વર્ષનાં શિયાળુ પાક માટે જરૂરી એવા યુરીયા ખાતરની તીવ્ર તંગી વર્તાઈ રહી છે છાશવારે ડીસામાં ખાતર ડેપો ઉપર યુરીયા ખાતર મેળવવા ખેડૂતોએ પડાપડી સાથે હોબાળો મચાવતા પોલીસ બોલાવવી પડી છે ત્યારે ખાતર ની આ તંગી કુત્રિમ છે અને કેટલાક ડીલરો પાછલા બારને નફો મેળવવા અને કાળાંબજાર કરવા જરૂરીયાતમંદ ખેડૂતોને ખાતર ન આપતા હોવાનું ખેડૂત આગેવાને જણાવેલ છે ત્યારે આજે આ સમસ્યાથી ત્રાહિમામ થયેલા ખેડૂતો ની વ્હારે આશરે દશ દિવસ અગાઉ ભારતીય કિશાન સંઘ આવ્યો હતો અને ૧૦૦૦ જેટલા ખેડૂતો એ ૧૦ દિવસ પહેલા ડીસા મામલતદાર કચેરી આગળ ધરણાં કરી ખેડૂત બચાવોનાં સુત્રો ચાર કરી ખાતરનાં અભાવે ખેતરોનો ઉભો પાક નાશ પામી રહ્યો હોવાની રજૂઆત કરી હતી અને તાત્કાલિક અસરથી યુરીયા ખાતર ઉપલબ્ધ કરાવવાની માંગ સાથે ખેડૂતો એ ડીસા મામલતદાર શિવરાજ ગીલ્વાને એક આવેદન પત્ર આપ્યું હતું. જોકે તેનાથી સરકારનાં પેટનું પાણી પણ ન હલતા આજે પણ ખાતરની અછત યથાવત છે જેથી આ સમસ્યા અંગે ભારતીય કિશન સંઘ --મુખ અને ખેડૂત આગેવાન હીરાજી ગણેશાજી માળીએ સીધે સીધો રાજય સરકાર અને કેન્દ્ર સરકાર પર હુમલો કરી ખેડૂતો -ત્યેના તેમના ઓરમાયાની ઝાટકણી કાઢી હતી અને જણાવ્યું હતું કે રાજય અને કેન્દ્ર સરકાર ખેડૂતોના વિકાસની વાતો કરી જુઠ્ઠાણું ચલાવે છે. જે શરમજનક છે, સરકારની આ નીતિ માટે ભવિષ્ય માં સરકારે શોસાવવું પડશે તેવું તેમણે જાહેર કરતા આ મામલો ગરમાયો છે.

ડીસામાં યુરીયા તંગીની અછત એટલી વર્તાઈ રહી છે કે અહી દુર દુરના ગામોથી ખેડૂતો અને મહિલાઓ પોતાના રોજીંદા કામકાજ છોડી સ્વરનાં ચાર વાગ્યાનાં સુમારથી જ યુરીયા ખાતર મેળવવા લાઈન બંધ ઉભા રહી જાય છે અહી સ્થાનિક પોલીસ પણ અફરા તફરી અને ધાંધલ -ધમાલ ન થાય તે માટે ખડે પગે સવારથી હાજરથી જાય છે.

આ દર્શ્યો એ વાતની ગવાહી પૂરી પાડે છે કે ડીસામાં કૃષિ-ધાન દેશ ભારતનાં ખેડૂતોની હાલના હાઈટેક અને વિકાસશીલ યુગમાં કેવી દયનીય હાલત છે ? ખેત ઉપજ, અને ખેતી વિકાસદરના ભ્રામક આંકડાની માયાજાળમાં જગતનાં તાતને ઉલ્લુ બનાવતી રાજય અને કેન્દ્ર સરકાર ખેડૂતોને ન્યાય આપશે તેવી આશ હવે ખેડૂતો ગુમાવી રહ્યા છે, ત્યારે એક અન્ય ઈશ્વરભાઈ નામના ખેડૂતે પણ પોતાની પીડા વર્ણવી હતી.

# ડીસાના ઝેરડા નજીક ૨.૪૦ લાખની લૂંટ : અકસ્માતમાં એક લૂંટારાનું મોત

ડીસા, તા. ૯

ડીસા નજીક ઝેરડા ગામે ગત મોડી રાત્રે એક સનસનીખેજ લુંટનો બનાવ -કાશમાં આવેલ છે જેમાં લુંટના ઈરાદે સ્કોર્પિયો ગાડીમાં આવેલા પાંચ જેટલા શખ્સોએ અમદાવાદથી ધાનેરા જતા મુસાફરોને આંતરી તેમની પાસેથી દાગીના અને રોકડ સહીત રૂપિયા બે લાખ ચાલીશ હજારની લુંટ ચલાવી હતી. જોકે લુંટ કરી મુસાફરોની સિફ્ટ ગાડી પણ સાથે લુંટી ભાગી છુટેલા એક લુંટારાએ ઝાડ સાથે ગાડી ટકરાવી અક્સમાત કરતા તે ધટના સ્થળે મરણ ગયો હતો. આ મામલે ડીસા તાલુકા પોલીસે તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠાના ડીસા તાલુકાના ઝેરડા ગામે એક ચકચારી લુંટ કેશમાં લુંટ કરી ભાગી છુટેલા એક લુંટારાનું રહસ્યમય રીતે મોત થતા આ સમગ્ર મામલો ભારે ચકચારી બનેલ છે. આ ધટનાની વિગતો જોઈએ તો ગત રાત્રીએ અમદાવાદથી ત્રિલોકભાઈ મોદી પોતાની સંગીત કલાકારોની ટીમ સાથે ધાનેરા જેન સમાજના એક ધાર્મિકમાં હાજરી આપવા જતા હતા. જેઓ મોદી રાત્રે ડીસા તાલુકાના ઝેરડા ગામ નજીકથી પસાર થતા હતા તેવાજ સમયે અગાઉથી ધાત લગાવી બેસેલી એક લુંટારૂ ટોળકી એ સ્કોર્પિયો ગાડી સાથે આવી આ સંગીત કલાકારો ની સિફ્ટ કાર અટકાવી હતી અને તે બાદ ધાકધમકી આપી રોકડ રકમ અને દાગીના સહીત રૂપિયા બે લાખ ચાલીશ હજારની લુંટ ચાલવી હતી, આ લુંટારૂ ટોળકીનાં એક શખ્યે સંગીત કલાકારો ની સિફ્ટ કાર પણ પડાવી લીધી હતી, અને તે બાદ આ ટોળકી ભાગી છૂટી હતી, જોકે સંગીત કલાકારોની સિફ્ટ કાર પડાવી ભાગેલા એક શખ્સે આ કાર સંભવિત અકસ્માતે ઝાડ સાથે અથડાવતા તેનું ધટના સ્થળેજ મોત થયું હતું, જયારે અન્ય લુંટારૂ ટોળકીનાં સભ્યો આ બનાવ બનતા પોતાની સ્કોર્પિયો ગાડી છોડી ભાગી છુટ્યા હતા. જે બાદ આ બનાવની આજ સવારે ડીસા તાલુકા પોલીસને જાણ થતા પોલીસે ધટના સ્થળે થીલુંટારૂ ટોળકીનાં મૃતક આરોપી -વીણસિહ રાજુસીહ સોલંકી રહે- ઝેરડા ની લાશનો કબજો સંભાળ્યો હતો અને તેનું પી.એમ. કરાવ્યું હતું જયારે સંગીતકાર ત્રિલોકભાઈ મોદીની ફરિયાદ આધારે પોલીસે આ મામલે અકસ્માત અને લુંટનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે.

જયારે બીજી તરફ આ લુંટના ગુનામાં સિફ્ત ગાડી લઈ ભાગી છુટેલા અને અકસ્માતે મરણ ગયેલા આરોપી -વીણસિહ રાજુસીહ સોલંકીનાં ભાઈ મનુભા વાઘેલાએ પોતાના ભાઈની બોડી ઉપર કોઈ અકસ્માતનાં નિશાન નથી અને તેની સાથી અન્ય આરોપીઓએ અગમ્ય કારણોસર હત્યા કરી હોઈ શકે તેવો શક વ્યક્ત કરી યોગ્ય તપાસની માંગ કરતા આ સમગ્ર મામલો ભારે સંગીન બનેલ છે. સમગ્ર મામલાની ડીસા તાલુકા પોલીસ મથકના પી. એસ.આઈ. બી. એચ. તરાલ દ્વારા ઝીણવટભરી તપાસ હાથ ધરાઈ છે.


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

## સાબરકાંઠા જિલ્લો અસામાજિક તત્વોના હવાલે

# હિંમતનગરમાં ધોળેદહાડે ૪.૫૦ લાખની લૂંટ

## વેપારી બેંકમાંથી પૈસા ઉપાડી ઘરે જઇ રહ્યા હતા ત્યારે ડી.એસ.પી. કચેરી નજીક થેલો ઝૂંટવાયો

હિંમતનગર, તા. ૯

સાબરકાંઠા જિલલાના મુખ્ય મથક હિંમતનગરમાં આજે ધોળે દહાડે ડી.એસ.પી. ઓફિસ નજીક રૂ. ૪.૫૦ લાખની લૂટનો બનાવ બનતાં પોલીસેનું નાક કપાયું છે. જયારે વેપારીઓમાં લૂટના બનાવને લઈ ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. લૂટબાદ પોલસી દોડતી થઈ હતી અને નાકાબંધી કરી મોટર સાયકલ ઉપર આવી લૂટ ચલાવનારની શોધખોળ હાથ ધરી હતી પરંતુ પોલીસને લુટારૂઓને પકડવામાં સફળતા મળી નથી.

સાબરકાંઠા જિલ્લામાં અસામાજીક -વૃતિઓનો ગ્રાફ દિવસે-દિવસે ઉચકાઇ રહયો છે. હિંમતનગર સહિત જિલ્લાના જુદા જુદા દારુ- જુગારની ચોરી, લૂટ, મારામારી રંજાડના બનાવો માજા મુકી રહયા છે. ગુજરાતના મુખ્યમંત્રી અસામાજિક -વૃતિઓને કડક હાથે ડામી લોકોને ભય મુકત કરવા માટે પોલીસ સજાગ બને તેવા -યત્નો થઈ રહયા છે. પરંતુ હંમેશા તોડ અને હપ્તા ખાવામાં રાચતી પોલીસના કાને મૂખયમંત્રીનો લોકાભિમુખ સંદેશ પહોચ્યો હોય તેવું લાગતું નથી દિન--તિદિન ગુન્હોખોરી વધતી જાય છે. લોકો ભયના ઓથા હેઠળ જીવી રહયા છે. જિલ્લાના મૂખ્ય મથક હિંમતનગરમાં આજે ધોળે દહાડે એક કપાસના વેપારી લૂટાતાં પોલીસની આબરૂના લીરે લીરા ઉડી જવા પામ્યા છે.

હિંમતનગર તાલુકાના જોરાપુર ગામના વતની અને હિંમતનગરના કોટન માર્કેટમાં રૂતુરાજ ટ્રેડીંગ કંપની નામની પઢી ધરાવતા કીરીટભાઈ રામભાઈ પટેલ પોતાના ભાગીદાર બેસાડી પેઢીની સિલક રૂ.૧.૫૦ લાખ અને એચ.ડી.એફ.સી. બેંકમાંથી રૂ. ૩ લાખ મળી રૂ. ૪.૫૦ લાખ લઇ મોટર સાયકલ ઉપર ઘરે જઈ રહયા હતા ત્યારે બપોરના ૧૨ વાગ્યાના સુમારે ડી.એસ.પી. ઓફિસ પાસેથી પસાર થઈ રહયા હતા. ત્યારે એમ.એચ. પાસિંગ મોટર સાયકલ ઉપર આવેલા હતા વેપારીઓએ લૂટારૂઓનો પીછો કર્યો હતો પરંતુ તેઓ મહેતાપુરાનો કોઈ ગલીમાં ગરકાવ થઈ જતાં લૂટાયેલા વેપારીઓએ હિંમતનગર બી. ડીવિઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં પોલીસ નાકાબંધી કરી લૂટારૂઓને પકડવા માટે કવાયત કરી હતી પરંતુ તેમાં સફળતા મળી ન હતી.વેપારી કીરીટભાઈ પટેલે બી ડીવિઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધવતાં પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધવતાં પોલીસે રૂ.૪.૫૦ લાખની ચલીઝડપની ફરીયાદ નદંધી પી.એસ.આઈ. આર. આર. દેસાઈ તપાસ ચલાવી રહયા છે.


(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)



હરસોલ ચોકડી પર રાવળયોગી સમાજની સમાજ વાડીનું આજે ખાત મુહૂર્ત કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે સાબરકાંઠાના સાંસદ દિપસિંહ રાઠોડ, મહંત ધર્મેન્દ્રયોગી તથા જસવંત યોગી, રાવળ સમાજના ચંદુભાઈ સહિત વિવિધ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# મોડાસાના ૧૨ જેટલા રાજીવ ગાંધીભવનો બિસ્માર હાલતમાં

મોડાસા, તા. ૮

અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકામાં બે વર્ષ અગાઉ ૧૨ જેટલા રાજીવ ગાંધી ભવનોનું બાધકામ કરવામાં આવ્યું હતું જે બાંધકામ જે તે સમયે અધુરૂ છોડી દેવામાં આવતા હાલ તે ભવનો ખંડેર સમા ભાસે છે જે સાવ બિનઉપયોગી બની રહ્યા છે. મંજુર થયેલી ગ્રાન્ટના મોટા ભાગના રૂપિયા કોન્ટ્રાક્ટરોને ચુકવાઈ ગયા હોવા છતાં તે ભવનોનું કામ પૂર્ણ ન થતાં આ ૧૨ એ ગામોના સરપંચોએ રજુઆત કરવા છતાં પરિણામ ન આવતા રોષ ભભુકી ઉઠ્યો છે.



મોડાસા તાલુકાના ૧૨ જેટલી ગામ પંચાયતોમાં આજથી બે વર્ષ અગાઉ બનાવવામાં આવેલ રાજીવ ગાંધી ભવનનું કામ અધુરુ મુકી દેવાતા હાલ તે ભવન ખંડેર હાલતમાં જોવા મળી રહ્યા છે. ગામની ગ્રામ પંચાયતનું મકાન ખખડધજ અવસ્થામાં હોવાથી તેમજ તે જોખમી હોવાથી તેને બિનઉપયોગી જાહેર કરવામાં આવ્યા છે જેથી આ રાજીવ ગાંધી ભવનનો ઉપયોગ કરી શકાય તે અર્થે બે વર્ષ અગાઉ તેનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું હતું અને તે પુરૂ થાય તેની કાગડોળે વાટ જોવાઈ રહી હતી, પરંતુ આ કામમાં કોન્ટ્રાક્ટરો અને તંત્રની મિલી ભગતને કારણે આગળ ધપ્યુ નહી અને જેસેથે હાલતમાં અત્યારે જોવા મળી રહ્યું છે.



કેન્દ્ર સરકારે ગ્રામ પંચાયતોમાં કામકાજમાં વિકાસ આવે અને ગામ પંચાયતને સારી સગવડ મળે તે હેતુસર બે વર્ષ અગાઉ રાજીવ ગાંધી ભવનોનું નિર્માણ કરવાનું શરૂ કર્યું. મોડાસની ૧૨ જેટલી ગ્રામ પંચાયતોમાં આ રાજીવ ગાંધી ભવન તૈયાર થયા નથી પરંતુ આજે આ તમામ રાજીવ ગાંધી ભવનો અધુરા છોડી દેવાતા બિસ્માર હાલતમાં પડી રહ્યા છે અને સરકારનો કરેલ ખર્ચ એળે જઈ રહ્યો છે જેથી આવા ખરાબ કામ કરનાર કોન્ટ્રાક્ટરો સામે પગલા ભરવામાં આવે અને સરકારી તંત્ર આમાં રસ લઈ ફરીથી આ ભવનોને રીનોવેટ કરવાની કામગીરી કરવામાં આવે જેથી આ ભવનોનો ઉપયોગ થાય.

મોડાસાના મોટા ભાગના સરપંચોએ આ મામલે ગ્રામજનો સાથે જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ લેખીત તેમજ મૌખીક રજુઆતો કરી છે સાથે આ રાજીવ ગાંધી ભવનોના તકલાદી કામ સામે તપાસ થાય અને કામ પુરૂ ન થયુ હોવા છતાં કોન્ટ્રાક્ટરોને પૈસા કઈ રીતે આપી દેવાયા તે પણ તપાસનો વિષય છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY



સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

# આવતીકાલથી રવિ કૃષિ મહોત્સવનો પ્રારંભ થશે

પાલનપુર, તા. ૯

આવતીકાલ તા.૧૧ મી ડિસેમ્બરથી રવિ કૃષિ મહોત્સવનો -ારંભ થશે. તા. ૧૧ થી ૨૨ ડિસેમ્બર દરમિયાન બે તબક્કામાં યોજાનાર આ કૃષિ મહોત્સવ ખેડૂતો માટે લાભદાયી નિવડશે. બનાસકાંઠા જિલ્લામાં કલેકટરશ્રી દિલીપ રાણા અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.કે. પટેલની સુચના અને માર્ગદર્શન અનુસાર કૃષિ મહોત્સવની સફળતા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વ્યાપક આયોજન અને વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

બનાસકાંઠા જિલ્લામાં -થમ તબક્કામાં તા.૧૧ ના રોજ પાલનપુર અને વડગામ તાલુકાનો સંયુકત રવિ કૃષિ મહોત્સવ વડગામ મુકામે યોજાશે. તા. ૧૨ ના રોજ અમીરગઢ અને દાંતા તાલુકાનો સંયુકત રવિ કૃષિ મહોત્સવ દાંતા મુકામે યોજાશે. તા.૧૩ના રોજ ધાનેરા મુકામે ધાનેરા તાલુકાનો રવિ કૃષિ મહોત્સવ ધાનેરા મુકામે યોજાશે. તા.૧૪ના રોજ ડીસા મુકામે યોજાશે. બીજા તબક્કાનો કૃષિ મહોત્સવ આ -માણે યોજાશે. તા. ૧૮ ના રોજ વાવ મુકામે, તા. ૧૯ ના રોજ ભાભર મુકામે ભાભર અને દિયોદર તાલુકાનો સંયુકત યોજાશે, તા.૨૦ના રોજ દાંતીવાડા મુકામે, તા. ૨૧ ના રોજ કાંકરેજ મુકામે, તા.૨૨ ના રોજ થરાદ મુકામે યોજાશે.